# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૧

## સલામી સવારની..

અમૂલ્ય છે જીવ એમનો, સુરક્ષા જરૂરી છે!
કરી શકે સેવા, એમને સુરક્ષા જરૂરી છે!
ગુન્હા આચરવા એમને સુરક્ષા જરૂરી છે!
કરે છે કામ જોખમનાં - સુરક્ષા જરૂરી છે..
('વીવીઆઇપી સુરક્ષા' સુપ્રીમે ખુલાસા માગ્યા)

## હાઇકુ

લાગતી હશે?!
શું સેવા કાર્ય માટે -
પ્રજા ની બીક?!

લ્યો! લીફ્ટ પણ!
કરી બૂલેટ પ્રુફ..
નિર્ભય નેતા..

## ચિંતન

**મોઘમન્ન વિંદતે અપ્રચેતાઃ સત્યમ બ્રવીમિ વધ ઇત સ તસ્ય**
**નાર્યમણં પુષ્યતિ નો સખાયં કેવલાદી ભવતિ કેવલાદી ॥**

**વેદ ૧૦-૧૬-૬**

અવિવેકી માણસો નાહક અન્નનાં ભંડાર ભરે છે, હું સાચું જ કહું છું કે જે અન્નનો સંગ્રહ કરે એ મૃત્યુનો સંગ્રહ કરે છે. જે ઉદાર-સમસ્ત સૃષ્ટિનું, સમાજનું પોષણ નથી કરતો તે એકલો જ ખાય છે એ અન્ન નહીં પણ પાપ ખાય છે.

- આનાથી વિશેષ ખરાબ શાપ કોણ આપે? જે પોતાના વૃધ્ધો અને પોતાના જેવાની સેવા નથી કરતો અને એકલો જ ખાય છે તે પાપી છે અને પાપ જ ખાય એવી વેદની વેદના છે જે માણસ જાતે પરિશ્રમ નથી કરતો તે ખાવા માટે અધિકારી નથી.

આજકાલ કાળા બજારિયા અને સંગ્રહખોરો અથવા તો જે ખાતાના અન્નપ્રધાનો નિકાસ કરીને કે ગોડાઉનો ભરીને કૃત્રિમ અનાજની તંગી ઉભી કરી કરાવીને ભાવવધારા લે અને ગરીબીમાં લોકો ભૂખ્યાં મરે - આવા માણસો માત્ર પાપ ખાય છે, એટલું જ નહીં જીવનના પરિપાકમાં પાપ રાંધે છે.

જે માણસ સમાજને ઉપયોગી થઇ અન્નદાન નથી કરતો, લોકોને મદદરૂપ થઇ સમાજસેવા-અન્નસેવા નથી કરતો તે પાપ ખાય છે.

ગીતાજીમાં પણ કહ્યું છે ભુંજને તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ (૩-૧૩) જે પોતાને માટે જ સંગ્રહ કરે છે તે પાપ એકત્ર કરે છે.

## સુવિચાર

- મહાન ત્યાગથી જ મહાન કાર્યો સિધ્ધ થાય છે - **વિવેકાનંદ**
- કોઇ પણ ક્રિયામાં પ્રવૃત્ત થયા વિના નવરા બેસી રહેવાથી મનમાં ખરાબ અને પાપી વિચારો પ્રવેશે છે - **સ્વામી આનંદ**
- કામ ન કરવાથી, ઓછું કરવાથી, કે વેઠ ઉતારવાથી કે આરામ કરવાથી કંઇ આયુષ્ય વધી જતું નથી, જેમ ઘડિયાળ બંધ કરી નાખવાથી કંઇ સમય લંબાઇ જતો નથી- **માર્ક ટ્વેઇન**
- કાર્ય મનપસંદ હોય તો જ તેમાં રસ ઉત્પન્ન થાય છે, અને સારી રીતે પૂર્ણ થાય છે- **ઇબ્નેતૂર**
- યોગ્ય સમયે, યોગ્ય રીતે, અને યોગ્ય સાધનના ઉપયોગથી કોઇ પણ કઠિન કાર્ય પણ સફળ થાય છે - **તિરૂવલ્લુવર**
- કાર્યની વિપુલતા, માણસને મારતી નથી પણ તે કરવાની ચિંતાનો બોજ માણસને થકવી મારે છે - **બિચર**
- મોટાં કાર્યો કરવાની ક્ષમતા કે હિંમત આપણાંમાં નથી અને નાના કાર્યો કરવાં આપણને ગમતાં નથી. પરિણામે આપણે નિષ્ક્રીય જ રહીએ છીએ - **એસ.ભટ્ટાચાર્ય**

## બોધ કથા

ધર્મ-ગ્રંથ આખો ય મૂખ-પાઠ હોવો, બધા-અઢાર અધ્યાય મોઢે અધ્યાય મોઢે બોલી જવા, કુરાનની બધી આયાતો સમય-સમય પર દૃષ્ટાંત તરીકે કહેવી, શિક્ષાપત્રી-ચોપાઇઓનાં સંદર્ભ ડગલે-પગલે આપવા એ વિદ્વતા હશે. એને જ્ઞાની કહી શકાય પણ એ સંત-સજ્જન કે 'ભક્ત' જ હોય એ નિશ્ચિત થતું નથી. બધા કાયદા જાણનાર વકીલ ગુન્હો ન જ કરે એવું નથી!

એકવાર વેદવ્યાસ એકાંતમાં સરસ્વતી નદીને કાંઠે ચિંતનમાં હતા. જ્ઞાનના વેદના, મહાભારતનાં કેટલાંય જ્ઞાનનાં ભંડાર જેવાં પુસ્તકો લખ્યાં, 'જ્ઞાન'ના અગાધ ઊંડાણ પણ માપી નાંખ્યા. લોકો સુધી આ જ્ઞાન સરળતાથી પહોંચાડ્યું, પણ જીવાત્મા ને હજી સુખ-શાંતિ અને ઇશ્વર-દર્શનની 'પરમ' દિવ્ય અનુભૂતિ કેમ નથી થતી, જીવ-આત્મા-જ્ઞાન બધું જ મેં એમને સમજાવી દીધું છે છતાં જીવાત્મા દુઃખી શા માટે છે?

- એટલામાં નારદજી ત્યાં આવ્યા.

વ્યાસજીએ પોતાનાં મનમાં ચાલતી આ ગડમથલ નાદરજી પાસે વ્યક્ત કરી પૂછ્યું, નાદરજી! તમે જેવો 'પરમ આનંદ' અને 'પરમ શાંતિ' અનુભવી શકો છો એવું સુખ જીવાત્માને 'જ્ઞાન' મળ્યાં પછી પણ કેમ થતું નથી?!

નાદરજી કહે, ઋષિરાજ તમે તો કંઇ જ 'જ્ઞાન' આપવામાં બાકી રાખ્યું નથી. પણ જયાં સુધી જીવાત્મામાં પરમાત્મા માટે પ્રેમમય ભાવ-ભક્તિ ન જાગે અને તેનાં દ્વારા ઇશ્વરનો પ્રેમ રૂપી પ્રભુકૃપા ન થાય ત્યાં સુધી તમામ જ્ઞાન નિરર્થક છે. શ્રધ્ધા પૂર્વકની ભક્તિથી જ પ્રભુકૃપા પ્રાપ્ત થાય છે...

# ...બહેન, સંદેહની વાત કંઈ અકારણ નથી, સમાજમાં, કુટુંબમાં એવા અનેક બનાવો બને છે, જેના કારણે સારા સંબંધોમાં પણ શંકાઓ ઉત્પન્ન થયા વિના રહેતી નથી

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

**(ગતાંકથી આગળ...)**

પછી ઘણા દિવસ સુધી એ વ્યક્તિ આવ્યો નહીં. લગભગ એક મહિના પછી ફરી વાર ઓફિસમાં દેખાયો. મહેંક સાવધાન થઇ ગઇ. આ વખથે બહુ મોટા ઓર્ડર લઇને આવ્યો હતો. મહેંકે તેને સંચાલિકા પાસે મોકલી આપ્યો. બે લાખનો ઓર્ડર હતો. વીસ હજાર એડવાન્સ આપી તેની રસીદ તેણે માંગી. તે આગળ વધ્યો. તેને પોતાના કેબિનમાં જોઇને સાહની યુવતી ગભરાઇ ગઇ પણ તેની સાથે પરમજીતને જોઇ તેને હાશ થઇ. આ વળી કેવી ઉપધી આવી પડી છે. મહેંકને ટેન્શન થયું. અતીતની વેદના ફરી ઉભરાઇ રહી હતી. પિતાની સ્મૃતિએ પાછળનું ઘણું યાદ આવવા લાગ્યું હતું. રાતના અંધકારમાં પથારીમાં ઉંધી સુતી એ હિબકાં ભરતી રહેતી. કોમ્પ્યુટરની જેમ સ્મૃતિના સ્ક્રીન પર યાદો ભરાવા લાગતી હતી. માંનો ખોળો, ગામની નિશાળ, સરખે સરખી સાહેલીઓ, રેતી પર તરફડતી માછલીની જેમ મનના સોફ્ટવેરમાં કેટલું બધું ભરેલું હતું. પ્રશાન્તભાઇ જાણતા હતા કે દીકરી રડે છે પણ રાતના સમયે તે એના ઓરડામાં જવા માંગતા ન હતા. વૃધ્ધ બાને જગાડવાનો પણ કોઇ મતલબ ન હતો. બે દિવસ પછી સપના પાછી આવશે પછી જ બધી વાતની ખબર પડશે. એક અઠવાડિયાથી મહેંક શો રૂમમાં પણ જતી ન હતી. કંઇક જટિલ સમસ્યા હશે એવું અનુમાન તેમણે લગાવી લીધું હતું. ઘણાં દિવસ પછી એજ માણસ મંદિર પાસે ફરીથી મળી ગયો હતો. કંઇ પણ કહ્યા વગર નજીકથી પસાર થઇ ગયેલો. દિવસ અને રાતની જેમ જીવનમાં સુખ દુઃખ આવ્યા કરે છે. નસીબમાં જે થવાનું હોય તે થાય છે એમ સમજીને તેણે કામ પર જવનું ફરીથી શરૂ કરી દીધું હતું. સાંજે ઓફિસથી છૂટીને જવાં તેણે રીક્ષાવાળાને બુમ પાડી ત્યાં પેલો વ્યક્તિ ફરી પ્રગટ થયો. તેની બહુ જ નજીક આવી ઊભો રહ્યો.

'મહેંક કેમ છો તમે?'

'સારૂં છે, બોલો.'

'તમારા પપ્પા મળવા માંગે છે, હું તમને લેવા આવ્યો છું.' તે ચોંકી.

'મારા પપ્પા.'

'હાં, દેવેન્દ્રભાઇ...'

'કયાં છે એ...?'

'મારા ઘેર'

'તમે એમને તમારી સાથે લઇ આવો.'

તે આવી શકે તેમ નથી. બિમાર છે.

'સારૂં તમે તમારૂં એડ્રેસ આપો હું, મળી લઇશ.'

'મારી સાથે આવ્યા હોત તો સારૂં રહેત, મારી પાસે ગાડી છે.' ખુબ જ દયામણા ભાવ સાથે તેણે કહેલું.

મહેંક ગઇ નહીં, તે નિરાશ થઇ જતો રહ્યો.

નમ્રતાપૂર્વક કરવામાં આવેલો તેનો આગ્રહ મહેંકને પ્રભાવિત કરત, મનમાં ઉચાટ થઇ આવત. પિતાને મળવાની ઇચ્છાથી તો એ જીવી રહી છે. તે વિચારવા લાગી. તે વ્યક્તિ એ પ્રયત્ન કરવાનું પડતું મુક્યું ને હતું. તેની વાતમાં સચ્ચાઇ નો રણકો જોઇને મહેંક તેને ઇન્કારી પણ શકતી ન હતી. પછી એક દિવસ તેણે તેના બાળપણનો જૂનો ફોટો બતાવ્યો. જે તેના પપ્પા સાથેનો હતો. શંકાનું કોઇ કારણ હવે ન હતું. પપ્પાની તબિયત કેવી હશે. મને જોઇને તેમને કેવું લાગશે. આ વ્યક્તિ સાથે એમને શું સંબંધ હશે. મારો ફોટો પપ્પાએ જ તેને આપ્યો હશે. તે ઘણું બધું વિચારવાં લાગી. રવિવારને દિવસે સપના બાને કહીને પોતાના પપ્પાને મળવા એ બસ સ્ટેન્ડ પર પહોંચી. રામકૃષ્ણ નામનો પેલો વ્યક્તિ ત્યાં તેની રાહ જોતો હતો. કારમાં બેઠી ત્યારે બહુ ડરતી હતી. જાણએ કે જીવન દાવ પર લગાવવા જઇ રહી હતી. લાંબા રસ્તે ઝડપથી દોડતી કાર અને તે સાથે બમણી ઝડપથી તેનું હૃદય ધડકી રહ્યું હતું. એક તરફ પપ્પાને મળવાની ઇચ્છા હતી તો બીજી તરફ છેંતરાવાનો ભય સતાવતો હતો હતો. બે કલાક પુરપાટ દોડ્યા બાદ કાર એક ભવ્ય બંગલાની સામે આવીને ઊભી રહી. ડરતી ડરતી કારમાંથી એ ઉતરી. તેણે જોયું કે આ બંગલો કોઇ પ્રાઇવેટ પાર્ટીનો નહોતો. અશક્ત અને અસહ્ય સ્ત્રીપુરૂષો માટે પ્રેમાશ્રમ હતો. મહેંક જાણે કે સાનભાન ખોઇ બેઠી. મોટી ફલાંગ ભરતી તે અંતર પહોંચી. પહેલા જ રૂમમાં તેની રાહ જોતા પપ્પાને તેણે જોયા. તેનાં પગે બાઝી પડી. મન કે મન જ કંઇ વશમાં ન રહ્યું. ખુશીનાં આંસુ વહેવા લાગ્યાં. બધા ચકિત થઇ ગયા. શ્વાસના રોગથી પીડાતા પિતા બોલી શકતા ન હતા. ભાવુકતામાં તેમનો કંઠ રૂંધાઇ રહ્યો.

'પપ્પા તમને સારૂં થઇ જશે. હું તમારી સારવાર કરીશ.' પિતાને દીકરી આશ્વાસન આપી રહી હતી. તેના માથે હાથ મુકતા પિતાના પણ આંસુ અટકતા ન હતાં.

પાસે ઉભેલા રામકૃષ્ણને જોઇ એ કહેવા લાગ્યા. 'મહેંક તું આને ઓળખતી નથી. મારા મિત્ર પ્રેમલનો દીકરો છે. એ તૂટક તૂટક બોલતા હતા. ત્રણ વર્ષ સુધી તેણે મને ઘરમાં રાખ્યો. પણ પછી વધુ સારવારની જરૂર હોવાથી અહીં પ્રેમાશ્રમમાં લઇ આવ્યો. મારી સારવારમાં ક્યારેય તેણે પાછું વળીને જોયું નથી. આ દેહ પડી જાય તે પહેલાં તને જોવાની ઇચ્છા હતી. એ પણ તેણે પુરી કરી. પિતાના વહેંતા આંસુને મહેંક પોતાના હાથથી લૂંછતી હતી. આ સમાજને એક સંદેશો આપીને હું શાંતિથી જઇ શકીશ.' તે જે કહેતા હતા તેને ખુભ જ સાવચેતીથી દીકરી સાંભળતી હતી. 'બેટા મહેંક મારી એક વાત હંમેશા યાદ રાખજે. સમાજમાં બધાં માણસો ખરાબ નથી હોતા. મારે તને એજ કહેવું છે, તું જુએ છે કે અહીં પ્રેમાશ્રમમાં રહેતાં વૃધ્ધ, અશક્ત, અસહાય, પરિત્યક્ત, રૂગ્ણ અને વિવશ માનવો પ્રત્યે લોકો માનવતા દાખવીને પોતાની ફરજ અદા કરે છે. કોઇ ધનની સહાય કરે છે. તો કોઇ સમયદાન કરી પોતાનું યોગદાન આપે છે. આ ભવન અમારા જેવા અસહાય વૃધ્ધો માટે આશ્રય સ્થાન માત્ર નથી. અહીં પુરતી સુવિધાઓનો ભંડાર છે. માનવતા અહીં ફુલી ફાલી છે.'

'પપ્પા તમે મારી સાથે રહેજો.'

'ના બેટા, પ્રશાંતભાઇએ તને સાચવી ભણાવી ગણાવીને આત્મનિર્ભર બનાવી તેથી વધુ શું જોઇએ.'

'શું તમે તેમને ઓળખો છો?'

રામકૃષ્ણએ મને કહેલું. બેટા સંયોગ મનુષ્ય જીવનને ઘડે છે. આવા દેવ પુરૂષો મળવા એને સુસંયોગ કહેવાય. અચાનક આવેલા નદીના પુરને કારણે હું તારી માં ને બચાવી ન શક્યો. હતાશ નિરાશ બે દિવસ ઝાડની નીચે પડયો રહ્યો. લગભગ ત્રીજા દિવસે રામકૃષ્ણ મારી પાસે આવ્યો. તે પછી બધુ બરાબર થયું. તને જોવાની ઇચ્છા હતી એ વાત પુરી થઇ ગઇ. હવે તો જીવનનો આ છેલ્લે મુકામ છે.' કહેતા કહેતાં તેમને શ્વાસ ચડી ગયો. ડોકટર, નર્સ ભાગતાં આવ્યાં મહેંકે તેમનો હાથ પોતાના હાથમાં લીધો. અને રડવા લાગી. થોડી ક્ષણોમાં બધુ શાંત થઇ ગયું.

આકાશ વાદળોથી ઘેરાયું હતું. રાતનો અંધકાર વધતો જતો હતો. 'બહેન દેવેન્દ્રભાઇ દેહદાન કરવા માંગતા હતા. અમારે એ કામ પુરૂં કરવું પડશે. મારા વિષે આડુંઅવળું કંઇ વિચારતાં નહીં. તમારા અને મારા પિતા બંને ઘનિષ્ઠ મિત્રો હતા. હું તેમને પિતા સમાન માનું છું. તેમની સ્થાવર - જંગમ જે કોઇ મિલ્કત હોય તે તમારે સંભાળવાની છે.'

'ના, ભાઇ મારે કંઇ જોઇતું નથી. તમે પપ્પાં સાથે મારો મેળાપ કરાવી આપ્યો એનું મારે મન મોટું મુલ છે. હૃદયનાં અજાણ ખૂણામાં પડેલી અતૃપ્ત ઇચ્છા આજે પૂર્ણ થઇ ગઇ. બાકી જે છે તે તમારૂં જ છે એમ સમજો.'

'દેહદાનની પ્રક્રિયા પુરી થયા પછી તમે જઇ શકશો.'

'ભલે તમે કહા કહો તેમ. તમારા જેવા સજ્જન અને ભગવાન સમાન માણસ પર હુ સંદેદ કરતી રહી, તે બદલ મને માફ કરી દેજો.'

'બહેન, સંદેહની વાત કંઇ અકારણ નથી. સમાજમાં, કુટુંબમાં એવા અનેક બનાવો બને છે. જેના કારણે સારા સંબંધોમાં પણ શંકાઓ ઉત્પન્ન થયા વિના રહેતી નથી.'

બે દિવસ પછી મહેંક પાછી આવી હતી. પ્રશાન્તભાઇ, સપનાબા, દાદીમા બધા તેને ઘેરી વળ્યાં. અનેક પરિવર્તનોની સાક્ષી રહેલી યુવતી પિતાની અંતિમ વિદાયથી વ્યથિત કંઇ પણ બોલવાની સ્થિતિમાં ન હતી. ખોવાયેલાં પિતા મળવા અને પછી કાયમ માટે તેને ખોઇ દેવા એ તેના માટે કઠોરાઘાત સમાન ઘટના હતી. મારા પિતા તો રહ્યાં નહીં, તેમાં દેવ સમાન ભાઇ રામકૃષ્ણ પર તે શંકા કરતી રહી એ વાતે મન ગ્લાનિથી ભરાઇ આવ્યું હતું. પિતા મળ્યા તે પણ ફરી ક્યારેક ન મળવા માટે.

વાતાવરણમાં ફેલાયેલી નિરવતા સૌનું સહાનુભૂતિ પૂર્ણ મૌન મહેંક માટે સાંત્વના બની રહ્યું હતું. ભૂતકાળની બનેલી ઘટનાઓની ગણતરી કરતી એ વિચારતી હતી કે માનવતા હજુ મરી પરવારી નથી. મારૂં પોતાનું જીવન, પિતાની સારવાર પ્રેમાશ્રમનું વાતાવરણ એ માનવતાના ઉત્તમ ઉદાહરણો છે. ગમે તેવા સંકટો આવે પણ આ ઘરતી પર માનવતા સદા મહેંકતી જ રહેવાની છે.

**- vanvihari@gmail.com**

# લોજીકમાં લચ્છા...!! ક્ષેત્ર ગમે તે હોય, મજબૂત જોઇએ તર્કશાસ્ત્ર...!!

## ટેકનોલોજી અને તર્કશાસ્ત્રનો મેળ પડી ગયો તો અવનવાં સંશોધનો થાય અને લોજીકમાં લચ્છા માર્યા તો ભલભલી ડીગ્રી પણ ધૂળધાણી થાય


## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

વિજય કોમ્પ્યુટર એન્જિનીયર થઇ કૉલેજમાંથી બહાર પડ્યો. વિચાર કર્યો હજી એકાદી ડીગ્રી લઇ પછી નોકરી ગોતીશું. એનો એક મિત્ર જિગર સૉફ્ટવેર ટેસ્ટીંગ એન્જિનીયરની સાથે અનુભવી અને માસ્ટર હતો અને એમાં વિજયને રસ હતો એથી એ મિત્ર પાસે એનો અભ્યાસ કરવાં પહોચ્યો...

વિજયે જિગરને વિનંતી કરી કે તમે મારાં ગુરૂ બનો અને આ સૉફ્ટવેર ટેસ્ટીંગનું જ્ઞાન આપો. આ સૉફ્ટવેર ગુરૂ થોડીકવાર વિજય સામે જોઇ રહ્યો અને નિરખ્યા બાદ બોલ્યો, ''જો, તારો ભણવાનો ઉદ્દેશ્ય બહુ સારો છે, પણ મને નથી લાગતું તું હજી આ વિદ્યા ભણવા જેટલો મજબુત થયો છે, એ વિદ્યા શિકવા જેટલી તારી માનસિક તૈયારી પણ દેખાતી નથી. વિજયે વિનંતી કરી કે ના મારે ભણવું જ છે, પ્લીઝ, ના ના પાડશો. જિગરે કહ્યું, ''ઓકે, જો તારી આટલી જ તત્પરતા હોય તો તારું તર્કશાસ્ત્ર કેવું છે એની પરીક્ષા કરવી પડશે, જો તું તારાં લૉજીકથી પાસ થયો તો હું તને ભણાવીશ, અન્યથા તારે ફરી આવવું પડશે...!!''

વિજય રાજી થઇ ગયો, જલદી પુછો ને પુંછવું હોય તે.... વિજયની ધગશ જોઇ જીગરે પોતાની બે આંગળી બતાવીને પુછ્યું, ''બે માણસો પાવર હાઉસના કાળા ધુમાડા વાળી ચીમનીમાંથી ઉતરીને નીચે આવે છે. એક નો ચહેરો કાળો છે. અને બીજાનો ચોખ્ખો, તો કયો માણસ પોતાના ચહેરા ધોઇ નાંખશે?''



''એટલે આ તર્કશાસ્ત્રનો જ પ્રશ્ન છે ને?'' આવો કેવો ફાલતું પ્રશ્ન છે? વિજયે પૂછ્યું એટલે ગુરૂએ માત્ર હકારમાં માથું હલાવ્યું.

''તદ્દન ખોટો જવાબ'' ગુરૂ બોલ્યો.

''તો પછી સાચો જવાબ શો છે?'' વિજયે આશ્ચર્યથી પૂછ્યું.

''જવાબ છે જેનો ચહેરો ચોખ્ખો છે એ. એકદમ સહેલું લૉજીક છે. જેનો ચહેરો ગંદો છે એ બીજા સામે જોશે અને પોતાનો ચહેરો ચોખ્ખો છે એવું લાગશે અને એનાથી ઉલટું જેનો ચહેરો ચોખ્ખો છે એ માત્ર બીજાનો ગંદો ચહેરો જોઇ, પોતાનોય ચહેરો ગંદો હશે એવુંસમજી એનાં ધોવા દોટ મુકશે.''

''સાચી વાત છે હોં.'' વિજય બોલ્યો અને કીધું, ''પ્લીઝ, ફરી એક સવાલ પુછો, મને એક ચાન્સ આપો.''

''સારૂં, ચાલ'' કહી ગુરૂ ફરી બે આંગળીઓ બતાવીને એજ પ્રશ્ન પુછે છે. આ તો કમાલની વાત છે. એવો ભાવ દર્શાવતાં વિજય અનુભવથી ડાહ્યો થયો હોય છે. એટલે જવાબ આપે છે. ''જેનો ચહેરો ચોખ્ખો છે એજ જશે ને મોઢું ધોવાં.'' આ વખતે સાચ્ચો જવાબ આપ્યો છે એટલે ગુરૂ ખુશ થઇ વખાણ કરશે એવી આશાથી એ ગુરૂ સામે જોવા લાગ્યો...

વગર માર્યે ચચરે એવો જવાબ ગુરૂએ આપ્યો, ''ફરી એકવાર ભૂલ'' એવું એને કટાક્ષભર્યા સ્વરે કહી આગળ બોલે છે. ''આનું કારણ એટલું જ કે ચોખ્ખો ચહેરાવાળો મોઢું સાફ કરવાં ગયો એવું જોઇ એને પણ પોતાનો ચહેરો ગંદો હશે એવી શંકા થાય છે. એટલે એ પણ ચહેરો ધોવા જાય છે એટલે કે બંને જણાં મોઢું ધોવા જાય છે...''

''આ વાત તો મારાં ધ્યાનમાં ના આવી'' વિજય બોલ્યો અને ફરી લાચાર થઇ બોલ્યો. ''સારૂં, એકવાર હજી મારી ટેસ્ટ લોને, હવે હું તૈયાર થઇ ગયો છું.''

જિગર એટલે કે ગુરૂએ ફરી વિજયને બે આંગળી બતાવીને પૂછયું, ''બે માણસો ચિમનીમાંથી નીચે ઉતરે છે, એકનો ચહેરો ગંદો છે, અને બીજાનો માત્ર ચોખ્ખો છે, તો કયો માણસ પોતાનો ચહેરો ધોઇ નાંખશે?''

''બંને પોતાના મોઢા ધોઇ નાખશે'' થોડો પણ વિચાર કર્યા વગર ફટાક દઇને વિજયે જવાબ આપી દીધો.

''ફરી એજ ભૂલ, બંનેમાંથી કોઇ પણ ચહેરો ધોશે નહીં'' ગુરૂએ ફરી વિજયને આશ્ચર્યનો ધક્કો આપ્યો. ''અરે ભાઇ, બિલકુલ સહેલું તર્કશાસ્ત્ર છે, જેનો ચહેરો ગંદો છે એ બીજી વ્યક્તિ સામે જોશે એટલે એને લાગશે કે મારો ચહેરો ચોખ્ખો છે. એનાથી ઊલ્ટું જેનો ચહેરો જેનનો ચહેરો ચોખ્ખો છે એ માણસ બીજી વ્યક્તિ સામે જોઇ પોતાનો ચહેરો પણ ગંદો છે એવું એ માની લેશે. પણ એ સાથે એ એવો વિચાર કરશે કે સામેનાનો ચહેરો ગંદો છે છતાં ધોવાં જતો નથી, તો મારે શું કામ મારૂં મોઢુ ધોવું? એટલે એ પણ મોઢું ધોવા જતો નથી, આમ આ બંને પોતાનાં મોંઢા ધોવાં જતાં નથી.'' આ સાંભળી વિજય હવે અકળાઇ ગયો...

''પણ મારે તો સોફ્ટવેર ટેસ્ટીંગની ટ્રેનિંગ જોઇએ છે, એટલે મને છેલ્લી તક આપો અને મારે પરિક્ષા લો.'' ફરી ગુરૂ પોતાના હાથની બે આંગળી બતાવી એ જ પ્રશ્ન પુછે છે. અને આ વખતે વિજય જવાબ આપે છે, ''કોઇ જ ચહેરો સાફ કરતું નથી.'' હવે તો ગુરૂ પાસે શો જવાબ હશે, મારી ટ્રેનિંગ પાક્કી એમ સમજી એ હરખાતો હોય છે.

''ફરી ભૂલ કરી દોસ્ત'' જિગર બોલ્યો, ''જો, માત્ર પ્રોગ્રામીંગનું જ્ઞાન હોવું એ સૉફ્ટવેર ટેસ્ટીંગ માટે પુરતું નથી. તર્કશાસ્ત્ર સારૂં જોઇએ જોઇએ, જો તું લૉજીકમાં લચ્છા મારે તો સૉફ્ટવેરનું પ્રોગ્રામીંગ સાચું કે ખોટું કેવી રીતે સમજી શકીશ?'' એટલે ધ્યાન રાખવું, ''અને હા, એક જ ચિમનીમાંથી નીકળેલા બંને માણસો સાથે આવે ત્યારે એકનુ મોં કાળું અને બીજાનું ચોખ્ખું એવું શક્ય જ કેવી રીતે બને?'' વિજય ભોંઠો પડી ગયો...

આવું જ એક બીજું ઉદાહરણ... ઉમા આર્ટ્સ કૉલેજના લૉજીકના પ્રોફેસર એક દિવસ કલાસ રૂમમાં આવતાવેંત કીધું કે, ''તમે જાણો છો, હું દુનિયાનો સર્વશ્રેષ્ઠ પ્રોફેસર છું?'' બધા સ્તબ્ધ બનીને સાંભળી રહ્યાં, કેટલાંકને થયું કે નક્કી પ્રિન્સીપાલે ખખડાવ્યાં લાગે છે, એટલે બકવાસ કરે છે...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એક જ ઘટનાનો અર્થ વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે. દરેક વ્યક્તિ પોતાની સમજ અને પરિસ્થિતિ પ્રમાણે અર્થઘટન કરે છે

## પારિજાત

- રેખા ભટ્ટ

દમકતો ને ચમકતો શાહજહાંનો મહેલ જોવા દે!
મને ધનવાન મજનૂએ કરેલો ખેલ જોવા દે!
પ્રદર્શન કાજ જેમાં પ્રેમ કેદી છે જમનાથી
મને એ ખૂબસૂરત પથ્થરોની જેમ જોવા દે!
**- શેખાદમ આબુવાલા**

આવું બને છે મોટે ભાગે તો! જે તાજમહેલને નિહાળવા દેશ-વિદેશથી લોકો ઓ છે અને મુમતાજ - શાહજહાંનાં અમર પ્રેમને યાદ કરે છે તે. તાજમહેલ કોઇને ખૂબસૂરત પથ્થરોની જેલ લાગે છે., અને સત્તા-ધનનું પ્રદર્શન લાગે છે. તાજમહેલ એનો એ જ છે પણ દરેક પોતાની રીતે મૂલવે છે.

ઘણીવાર રોજિંદી જિંદગીમાં એવા પ્રસંગો બનતા રહે છે જે સામાન્ય જ હોય પણ એ જ બાબત બીજી વ્યક્તિ પોતાના દૃષ્ટિકોણથી જૂએ ત્યારે એને કંઇક નવી જ ઘટના સમજાતી હોય - કેમ કે કોઇ પણ પ્રસંગ - બનાવ કે ઘટના ને જોવાનો કે મૂલવવાનો સૌ કોઇનો પોતપોતાનો દૃષ્ટિકોણ હોય છે, અને હોય તેનાથી જુદું સમજાય કે દેખાય છે. જેમ કે, મારી જ વાત કરૂં તો, એકવા એવું બનેલું કે હું સાંજે નોકરીએથી થાકીપાકી આવીને મારા કામમાં ગૂંથાઇ અને ઘરની સાફસફાઇ માટે કચરો વાળવા લાગી. મારી જાણ બહાર મારો દીકરો રોમાંચ ડોલમાં પાણી લઇ પોતું કરવા લાગ્યો. ત્યાં અચાનક મારી નજર પડી તો એણે ટીવી પર, ફ્રીજ પર, ટેબલ પર પોતું ફેરવીને બધું જ પાણીથી તરબતર અને ગંદુ કરી મૂક્યું હતું.

મારો પિત્તો ગયો અને રોમાંચને ઢીબી નાખ્યો. પછી સ્વાભાવિક રીતે જ આવા નાનકડા છોકરાને મારવા માટે જીવ બળ્યો, અને એને વ્હાલથી બોલાવ્યો તો કહે, "પણહું તો તને મદદ કરતો હતો તું થાકી ના જાય એટલે!"

હવે રડવાનો વારો મારો હતો!

આવું હરહંમેશ સૌ કોઇની સાથે બનતું જ હશે. એક જ ઘટનાનો અર્થ વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે. દરેક વ્યક્તિ પોતાની સમજ અને પરિસ્થિતિ પ્રમાણે અર્થઘટન કરે છે. અને પોતાને અભિપ્રેત હોય તેવો જ અર્થ તારવે છે. જે તે બનાવને સમગ્રતાથી જોવામાં આવે તો એનું તથ્ય વળી અલગ જ હોય એવું બનવાનું.

પ્રખર વિદ્વાન પોતાના નિબંધમાં તેઓ પોતે જેલમાં હતા તે વખતનાં એક પ્રસંગનું વર્ણન કરે છે તે વાંચવા જેવું છે.

"તુટેલી પાંખવાળું ચકલીનું બચ્ચું ઉડવાનો પ્રયત્ન કરતું હતું. અને જન્મટીપ વાળો જહાંગીર એની સાથે રમવાનો પ્રયત્ન કરતો હતો. બચ્ચાનાં મા-બાપ અસ્વસ્થ ચિત્તે ફેરા કરતાં હતા. મેં જહાંગીરના નિર્દય વિનોદનો નિષેધ કર્યો અને મનમાં જ ઉમેર્યું, અહીં કાંઇ બિલાડી આવવાનો સંભવ નથી. પણ આ બચ્ચું માળામાં શી રીતે જશે? હવે એ મોટું થયું છે એટલે માબાપ એને માળામાં લઇ નહીં જશે અને ઊડતાં તો નથી આવડતું, આનો જીવનક્રમ સંકટમાં છે - એમ મનમાં કહું ત્યાં જ કાગડાની પાછળ નિરર્થક દોડ્યાં. મારૂં દુઃખી હૃદય પણ વેગથી દોડ્યું પણ એ હૃદયને મેં ખેંચીને પાછું આણ્યું, ઝાડ પરનું અથવા વેલા પરનું ફળ તૂટી પડતાં મને જે સ્વાભાવિક આનંદ થાય છે અને સહજ પ્રાપ્તિ માટે હું પોતાની જાતને ધન્ય માની લઉં છું, એમ જ આ કાગડાને સવારની મિજબાનીને લીધે થયું હશે.

વન્ય પશુપક્ષીઓનાં ઘાયલ થવું અને મરવું એમાં ઝાઝો ફેર નથી હોતો. તેથી ચકલીના બચ્ચાએ ભૂકે મરવા કરતાં મરીને કાગડાની ભૂખ ભાંગી એમાં અજુગતું શું છે? બચ્ચાની દૃષ્ટિએ અને એનાં મા-બાપની દૃષ્ટિએ વિચાર કરવો, કાગડાની દૃષ્ટિએ વિચાર કરવો અને સાથે સાથે નિસર્ગની દૃષ્ટિએ તટસ્થપણે વિચાર કરવો એ ત્રણે વસ્તુ મને સાધ્ય છે એ જ ઇશ્વરની મોટી કૃપા છે."

એટલે જ દેખાય છે તેવું ન હોય અને પરિસ્થિતિ જુદી હોઇ શકે. જેમ કે, વિક્ટર હ્યુગોની "લા મિઝરેબલ" નામની કલાસિક નવલકથામાં આપણે જોઇએ છીએ તેમ પોતાની બહેનનાં નાનાં-નાનાં બાળકોને ભૂખથી રડતાં જોઇ, જિન-વાલજીન નામનો નિર્દોષ યુવાન મજબૂરીથી એકાદ બ્રેડ ચોરવા પ્રયત્ન કરે છે અને તેમ કરવા જતાં પકડાઇ જવાથી તેના કપાળે નામચીન અને રીઢા ચોરનું 'લેબલ' લાગી જાય છે. આ ખોટું કલંક તેની આખી જિંદગી રોળી નાખીને કેવી રીતે યાતનામય બનાવી દે છે તે કથા જાણીતી છે.

જોવા પ્રયત્ન કર્યો હોત તો તે યુવાન "અઠંગ ચોર"કરતાં "વ્હાલસોયો પણ મજબૂર વ્યક્તિ" વધારે લાગ્યો હોત. અને આવું મોટું જોખમ લેવા જેણે પ્રેર્યું એવા તેના વિશાળ હૃદય માટે માન થયું હોત!

આમ, એક જ બનાવ હોય પણ તેના માટે મંતવ્યો સૌ કોઇનાં પોતપોતાનાં હોય છે, જેવી જેની નજર!

પાનખર લઇને બહાર આવી છે,
બાગમાં કોઇને નજર કયાં છે?

**- નસીમ**